# ગાંધીનગર ફાયર ઓફિસર રૂ.૫ લાખની લાંચ લેતા એસીબીના હાથે ઝડપાયા

ગાંધીનગર,તા.૨૯

ગાંધીનગર ફાયર બ્રિગેડના ફાયર ઓફિસર અને તેમનો સાળો રૂ.૫ લાખની લાંચ લેતા એસીબીના હાથે ઝડપાયા છે. ગીફટસીટીની રેવા અને રાયસણની અંતરીક્ષ બિલ્ડીંગને ફાયર એનઓસી આપવા માટે રૂ.૫ લાખની લાંચની માંગ કરી હતી. ત્યારે એસીબીએ ગોઠવેલા છટકામાં ફાયર અધિકારી અને તેમનો સાળો આબાદ સપડાયા હતા. એસીબીની સપાટા બાદ ફાયર ઓફિસમાં સન્નાટો વ્યાપી ગયો હતો.



સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર ગીફટ સીટી ખાતે આવેલી રેવા બિલ્ડીંગ અને રાયસણ ખાતે અંતરીક્ષ બિલ્ડીંગમાં ફાયર સેફટીનું કામકાજ કરવા માટે સ્ટેટ ફાયર પ્રિવેન્શન સર્વિસ, ગાંધીનગર કચેરીમાંથી પ્લાન મંજુર કરાવવા અને પ્રિ એનઓસી મેળવવા અરજી કરી હતી. જેને અનુલક્ષી ફરીયાદીએ ગુજરાત સ્ટેટ ફાયર પ્રિવેન્શન સર્વિસના ઈન્ચાર્જ ડેપ્યુટી ડાયરેકટર મહેશ મોડનો ઓફિસ ખાતે રૂબરૂ જઈ સંપર્ક કર્યો હતો. જેથી ફાયર ઓફિસરે ઝડપી એનઓસી મેળવવી હોય તો વ્યવહારના રૂ.૫ લાખ આપવા પડશે તેમ કહ્યું હતું. જે લાંચના રૂપીયા ફરીયાદ આપવા માંગતા ન હોવાથી તેઓએ એસીબી કચેરીએ ફરીયાદ આપી હતી. ફરીયાદીની ફરીયાદના આધારે એસીબીએ લાંચના છટકાનું કરતા ફરીયાદી ફાયર ઓફિસર મહેશ મોડને મળ્યા હતા. તે સમયે હેતુલક્ષી વાતચીત કરી તેમના સાળા કમલદાન ઈન્દુભાઈ ગઢવી સાથે ઓળખાણ કરાવી લાંચની રકમ કમલને આપવાનું જણાવ્યું હતું. જેથી ફાયર ઓફિસની નીચે પાર્કિંગમાં ઉભી રાખેલી કારમાંથી લાંચના રૂપીયા નીકાળી ફાયર ઓફિસરના મેળાપીપણામાં સાળા કમલ ગઢવીએ લાંચના રૂપીયા લીધા હતા. તે સમયે જ અધિકારીઓની ટીમે લાંચ લેતા પકડી પાડ્યા હતા. હાલમાં બંન્ને આરોપીઓને એસીબી પોલીસે ડીટેઈન કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી ઠંડીનો પારો ૮ ડીગ્રી આસપાસ

**નગરજનો કોલ્ડવેવથી તોબા : દિવસનુ તાપમાન ૨ ડીગ્રી વધ્યુ : સતત પાંચ દિવસથી ઠંડીનુ જોર યથાવત જનજીવન કાતિલ ઠંડીથી મુર્ઝાયુ**

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરમાં છેલ્લા પાંચ દિવસથી ઠંડીનુ જોર યથાવત છે. છેલ્લા એક દાયકાની સૌથી વધુ ઠંડી નોંધાયા બાદ ઠંડીનુ જોર થોડુ ઘટયુ છે. પરંતુ છેલ્લા ત્રણ દિવસથી ઠંડીનો પારો ૮ ડીગ્રીએ સ્થિર થયેલો છે. આજે પણ ગઈકાલની જેમ લઘુત્તમ તાપમાન ૮ ડીગ્રીએ સ્થિત રહ્યુ હતુ. જો કે ગઈકાલની સાપેક્ષમાં મહત્તમ તાપમાનમાં ૩ ડીગ્રીનો ફેરફાર જોવા મળ્યો હતો. મહત્તમ તાપમાન ઉંચકાતા નગરજનોને દિવસ દરમિયાન ઠંડીમાં હળવી રાહત થઈ હતી. ઠંડીના આક્રમક મિજાજના લીધે નગરજનો સુન્ન થઈ ગયા છે. સેકટરવાસીઓ ઠંડીથી તોબો પોકારી ગયા છે. ત્યારે હવે ઠંડીનુ જોર ઘટે તે તરફ સૌ કોઈની આશ મંડરાઈ છે.

ગાંધીનગરમાં છેલ્લા ત્રણ દિવસથી ઠંડીનુ જોર યથાવત છે. ત્રણ દિવસથી ઠંડીનો પારો સતત ૮ ડીગ્રીએ સ્થિત થયેલો છે. જયારે છેલ્લા પાંચ દિવસથી લઘુત્તમ તાપમાન ૧૦ ડીગ્રીની અંદર છે. જેના લીધે શહેરીજનો આકરી ઠંડીનો સામનો કરી રહ્યા છે. ઠંડીએ આક્રમક મિજાજ દાખવતા નગરના જનજીવન પર કોલ્ડવેવની અસર સ્પષ્ટ વર્તાઈ રહી છે. લાંબા સમયથી ઠંડીનો આકરો મિજાજ યથાવત રહેતા શહેરીજનો હવે ઠંડીથી તોબા પોકારી ગયા છે. રાત્રિની સાથે દિવસે પણ ઠંડીની અસર વર્તાતા શહેરીજનો ગરમ કપડામાં સજ્જ જોવા મળી રહ્યા છે. આ વર્ષે શિયાળાની મોસમ નગરજનો માટે વધુ આકરી પુરવાર થઈ છે. એકબાજુ છેલ્લા એક દાયકાની સૌથી વધુ ઠંડી નોંધાઈ છે. ત્યારે વાતાવરણમાં પણ સમયાંતરે નાટયાત્મક પલ્ટો જોવા મળી રહ્યો છે. શિયાળાની મોસમમાં વારંવાર વાતાવરણ પલ્ટાના લીધે વાદળિયા માહોલ વચ્ચે વરસાદી છાંટણા વરસતા નગરજનો મોસમના

● અનુસંધાન પાન-૭ પર

# દહેગામ પાલિકાની સામાન્ય સભામાં ભાજપના ૧૦ સભ્યો ગેરહાજર

**સામાન્ય સભામાં બજેટ મંજૂર થયુ પણ જિલ્લા એકમે જ કંટ્રોલની કામગીરી હાથ પર લીધી**

ગાંધીનગર, તા. ૨૯

દહેગામ ભાજપમાં આજે રાજકીય ભૂકંપનો હળવો આંચકો આવ્યો છે. ન.પા.ના ૧૦ સભ્યો આજે સામાન્ય સભામાં ગેરહાજર રહેતાં રાજકીય વર્તુળોમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે. જિલ્લા એકમ દ્વારા હાલ ડેમેજ કંટ્રોલની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

દહેગામ ન.પા.ની આજની સામાન્ય સભા પૂર્વે ગઈકાલે મળેલ પ્રિ. બોર્ડ બેઠકથી જ ભાજપના સભ્યોએ આક્રમક તેવર બતાવ્યા હતા અને તેઓ સામાન્ય સભામાં પણ ગેર હાજર રહ્યા હતા.

જો કે આજે મળેલ સામાન્ય સભામાં ૨૦૨૨-૨૩નું અંદાજપત્ર કોઈપણ વિવાદ વિના પસાર કરી દેવામાં આવ્યુ હતુ. પરંતુ આ બેઠકમાં સત્તાધારી પક્ષમાં જે આંતરિક લડાઈ ચાલી રહી છે તે ખુલીને બહાર આવી છે.

ન.પા.ના મહિલા સભ્યના પતિની દાદાગીરીને દખલ અંદાજી કરવાની કુટેવને પગલે ચીફ ઓફિસરે મહિલા સભ્યને નોટીસ પાઠવી છે.

તમામ હોબાળાઓ વચ્ચે ન.પા.નું ૨૪ કરોડનું અંદાજપત્ર સર્વાનુમતે પસાર થઈ ગયુ છે. રિસાયેલા સભ્યોને મનાવવાના કોઈ જ પ્રયાસો કરવામાં આવ્યા ન હતા. એક મહિલા સભ્યને સામાન્ય સભામાં હાજર રહેવા માટે ઘરે તેડવા જવાના મામલો વધુ બિચક્યો હતો. ભાજપના જ એક સભ્ય દ્વારા ફોન પર આ મહિલા સભ્યના પતિને ધમકી આપતા જાહેરમાં જ ગાળાગાળીના દશ્યો સર્જાયા હતા.

શહેર પ્રમુખે આ મુદ્દે મગનું નામ મરી પાડવાનો ઈન્કાર કરતાં કહ્યુ હતુ કે સભ્યોની ગેરહાજરીની મને ખબર પડી છે પણ કેમ ગેર હાજર રહ્યા છે તેનું કારણ કોઈને સંપર્ક નહિ થયો હોવાથી ખબર નથી.

# સેકટરોમાં નમી પડેલા સ્ટ્રીટ લાઈટના થાંભલા ગમે ત્યારે જમીનદોસ્ત થવાની દહેશત

**વાઈબ્રન્ટ સમિટની તૈયારીના ભાગરૂપે મહાનુભાવોની અવરજવરના મુખ્ય રૂટમાં રંગરોગાન કર્યા બાદ સેકટરોમાં જોખમી અને કટાયેલા થાંભલાની જાળવણીનુ કામ વિસરાયુ**

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરમાં સ્માર્ટ સીટી અન્વયે બધુ સ્માર્ટ બનાવવાની કામગીરી માટે કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે. પરંતુ સેકટરોની શેરીઓમાં હજુ છેવાડાના ગામ જેવી સ્થિતિ છે. સેકટરોમાં મોટાભાગના થાંભલા કલરકામના અભાવે કટાયેલી અને કંગાળ હાલતમાં જોવા મળી રહ્યા છે. જયારે કેટલાક ઠેકાણે સ્ટ્રીટ લાઈટના પોલ્સ નમી પડેલી જોખમી હાલતમાં હોવાથી ગમે ત્યારે જમીનદોસ્ત થાય તેવી દહેશત પણ સેકટરવાસીઓમાં પ્રબળ બની છે. વાઈબ્રન્ટ સમિટની તૈયારીને અનુલક્ષી



મહાનુભાવોની અવરજવરને ધ્યાનમાં રાખી મુખ્યમાર્ગો પર સ્ટ્રીટ લાઈટના થાંભલાને કલર પણ કરવામાં આવ્યો હતો. પરંતુ સેકટરોમાં હાલની સ્થિતિએ પણ નમી પડેલા જોખમી પોલ્સ ગમે ત્યારે અકસ્માતનુ કારણ બને તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. જોખમી થાંભલા દુર કરવા માટે ત્વરિત પગલા લેવાય તેવી માંગ પણ ઉઠવા પામી છે.

ગાંધીનગરને સ્માર્ટ બનાવવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. નગરના માર્ગો તેમજ નવા બિલ્ડીંગો સહીત માળખાગત સુવિધાઓ એપગ્રેડ કરવા માટે

● અનુસંધાન પાન-૭ પર

# ડેપોએ એક વર્ષમાં વિવિધ રૂટમાં સલામત સવારીનુ ૮૬ લાખ કીમીના રૂટમાં સંચાલન કર્યુ

**વર્ષ ૨૦૨૦ માં કોરોનાથી પ્રભાવિત સલામત સવારી માંડ ૬૩ લાખ કીમી સંચાલન થયુ હતુ : ગત વર્ષની સાપેક્ષમાં ૨૩ લાખ કી મી વધુ સંચાલન થવાની સાથે ડેપોની આવક પણ વધી**

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગર એસ ટી ડેપોએ છેલ્લા એક વર્ષમાં વિવિધ રૂટમાં એસ ટી બસોનુ ૮૬ લાખ કીમીના રૂટમાં સંચાલન કર્યુ છે. ગત વર્ષની સાપેક્ષમાં ડેપોએ ૨૩ લાખ કીમી વધુ સંચાલન કરી તગડી આવક પણ મેળવી છે. ગત વર્ષે કોરોનાની અસરથી એસ ટી બસ સેવા પણ વિશેષ પ્રભાવિત થઈ હતી જેના લીધે એસ ટી બસના રૂટોનુ સંચાલન પણ ઘટી ગયુ હતુ. જયારે કીલોમીટર વધતા એસ ટી ની આવકમાં પણ વિશેષ વધારો થયો છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં હાલ ટ્રાફિકનુ પ્રમાણ વધુ જોવા મળે છે. કોરોના કાળમાં પ્રભાવિત એસ ટી ની સલામત સવારી હવે પુરબહારમાં દોડી રહી છે. શહેરી બસ સેવા ઉપરાંત બહારગામના રૂટમાં પણ પુરતા પ્રમાણમાં બસો દોડી રહી છે. ત્યારે એસ ટી બસના પૈડા ટ્રેક પર આવી જતા ડેપોને પણ તગડી આવક થાય છે. આમછતા પણ મુસાફરોલક્ષી સુવિધા અને સલામતીના પરિબળો યોગ્ય કરવા માટે કોઈ આયોજન થતુ નથી. કોરોનાના કપરા સમયમાં એસ ટી સેવા પ્રભાવિત થઈ હતી જયારે ગત વર્ષે પણ એસ ટી બસ શાળા કોલેજોમાં ઓનલાઈન શિક્ષણ અને વર્ક ફ્રોમ હોમના લીધે રૂટીન કરતા ખાલી દોડતી હોવાનુ સ્પષ્ટ થયુ હતુ. જયારે આ વર્ષે ગાંધીનગર ડેપોએ વિવિધ રૂટોની બસોનુ ગત વર્ષની સાપેક્ષમાં ૨૩ લાખ કીલોમીટર વધુ સંચાલન કર્યુ છે. વર્ષ ૨૦૨૦ દરમિયાન એસ ટી

● અનુસંધાન પાન-૭ પર


ત્રીજી પુણ્યતિથિએ

શ્રદ્ધાંજલિ



**સ્વ. ઈન્દુબેન હિંમતલાલ ચૌહાણ**

સ્વ. તા. ૩૦/૧/૨૦૧૯

આપનો માયાળુ સ્વભાવ, ધર્મનિષ્ઠ, કર્મનિષ્ઠ, પરોપકારી, સમભાવના, આપની કુટુંબ પ્રત્યેની અપાર વાત્સલ્યતા, ગુણોની સુવાસ એવી પથરાવી કે આપવું એજ આપનો જીવનમંત્ર હતો. આપનું સ્થાન અમારા જીવનમાં દેવમૂર્તિની જગ્યા જેવું પવિત્ર છે. આપના દિવ્ય આત્માને પરમકૃપાળુ પરમાત્મા ચિર શાંતિ આપે એજ પ્રાર્થના.

લિ.

હિંમતલાલ પી. ચૌહાણ

નિલેષ - યુ.એન. સ્પોર્ટ્સ

કમલેશ - ઝેડએક્સ ક્રીએશન

અલ્પેશ - શ્રી ચામુંડા ઝેરોક્ષ

કવિતા, નીલા, પાયલ

ઉત્કર્ષ, એકાંક્ષી, મુમુક્ષા, ક્રીષ્ના, વૈશ્નવી, વીર


# શહેરમાં વધુ ૩૨૬ કેસ નોંધાયા

**૫૪૫ ને ડિસ્ચાર્જ : શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં સરગાસણમાં ૨૧, કુડાસણમાં ૨૮, આઈઆઈટીમાં ૨૭, પાલજમાં ૧૫, પેથાપુરમાં ૯, રાંધેજા-રાંદેસણમાં ૬-૬ કેસ નોંધાયા : શહેરના સેક્ટરોમાં સે. ૨ માં ૧૬, સે. ૬, ૧૪, ૨૧, ૩૦ માં ૧૧-૧૧ કેસ, સે. ૮ માં ૧૨ કેસ, સે. ૪ માં ૧૦ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે ૩૨૬ કેસ નોંધાયા છે. શહેરમાં પણ સંક્રમણના કેસોમાં ચડાવ-ઉતાર થતાં તંત્ર ચિંતાતુર બન્યુ છે. આજે નોંધાયેલા કેસો સાથે કેસોની સંખ્યા ૬૩૦૦ને પાર કરી ગઈ છે.

શહેરમાં સંક્રમણ માઈલ્ડ પ્રકારના વેરએન્ટનું હોવાથી લોકો વધુ ને વધુ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાંથી ૪ દર્દીને સઘન સારવાર જરૂરી જણાતા તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

શહેરમાં સંક્રમણના કેસો જે રીતે બહાર આવી રહ્યા છે તેથી તંત્ર સ્તબ્ધ છે. તંત્રએ સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવવા તેમજ સંક્રમણ સામે સતર્ક રહેવા સૌને અપીલ કરી છે. તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી માટે પણ તાકીદ કરી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૯૫ થી વધુ મહિલા દર્દી છે. ૪૩ દર્દી ૬૦ કે તેથી વધુ વયના જણાયા છે. જ્યારે ૨૮ દર્દી ૧૧ થી ૨૦ વર્ષના નોંધાયા છે.

મહિલા, વયસ્કો તેમજ બાળ દર્દીઓની વધી રહેલી સંખ્યાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે ૧૫ દર્દી ૧૦ કે તેથી ઓછી વય ધરાવતા નોંધાયા છે. કુડાસણમાં ૬ વર્ષની દિકરી, સે. ૧૯ માં ૨ વર્ષની દિકરી, સે. ૧૯ માં જ ૫ વર્ષની દિકરી, કુડાસણમાં ૧૦ વર્ષનો દિકરો, સે. ૩૦ માં ૬ વર્ષનો દિકરો, વાવોલમાં ૬ વર્ષનો દિકરો, સે. ૧૩ માં બે વર્ષનો દિકરો, સે. ૧૩ માં જ ૫ વર્ષનો દિકરો, સે. ૩૦ માં ૬ વર્ષનો દિકરો, સે. ૩૦ માં જ ૬ વર્ષનો દિકરો, રાંદેસણમાં ૭ વર્ષનો દિકરો, સે. ૧૯ માં ૫ વર્ષની દિકરી, સે. ૫ માં ૭ વર્ષનો દિકરો, સે. ૨૩ માં ૧૦ વર્ષનો દિકરો તેમજ રાંધેજામાં ૧ વર્ષનો દિકરો સંક્રમિત થયો છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં સરગાસણમાં ૨૧, કુડાસણમાં ૨૮, આઈઆઈટીમાં ૨૭, પાલજમાં ૧૫, પેથાપુરમાં ૯, રાંધેજા-રાંદેસણમાં ૬-૬ કેસ નોંધાયા છે.

આ ઉપરાંત જીઈબીમાં ૪, ઝુંડાલમાં ૩, કોબા, ભાટ, કોલવડામાં ૧-૧ કેસ તેમજ રાયસણમાં ૫ કેસ નોંધાયા છે.

શહેરના સેક્ટરોમાં સે. ૨ માં ૧૬, સે. ૬, ૧૪, ૨૧, ૩૦ માં ૧૧-૧૧ કેસ, સે. ૭ માં ૧૨ કેસ, સે. ૪ માં ૧૦ કેસ નોંધાયા છે.

સે. ૩ માં ૮, સે. ૫ માં ૫, સે. ૮ માં ૪, સે. ૧૨ માં ૬ કેસ, સે. ૧૩ માં ૬ કેસ, સે. ૧૯ માં ૪ કેસ, સે. ૨૬ માં ૭ કેસ, સે. ૨૭ માં ૮ કેસ નોંધાયા છે.

શહેરમાં આજે વધુ ૫૪૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં ઝડપથી રિકવરી રેટ સુધરી રહ્યા છે અને છેલ્લા ત્રણ દિવસમાં ૧૯૦૦ જેટલા દર્દીઓને ડિસ્ચાર્જ આપવામાં આવ્યું છે.

શહેરમાં આજે પણ ૨૮૦૦ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા જણાવ્યું છે.

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નવા ૧૬૧ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે વધુ ૧૬૧ કેસ નોંધાયા છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં કોરોના કેસોની સંખ્યા ૨૯૦૦ પર પહોંચવા આવી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યામાં સતત ચડાવ-ઉતાર રહેતો હોવાથી તંત્રની ચિંતા વધી છે. ગાંધીનગર-કલોલમાં સંક્રમણ વધવા પામ્યુ છે. કલોલ શહેરમાં પણ જે રીતે કેસો વધી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

**૩૦૦ને ડિસ્ચાર્જ અપાયુ : ૧૦ વર્ષથી નીચેના ૭ બાળકો સંક્રમિત થયા : જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે દહેગામમાં ૧૫, ગાંધીનગરમાં ૬૩, કલોલમાં ૬૨, માણસામાં ૨૧ કેસ નોંધાયા**

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાંથી ૩ દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે જ્યારે ૧૫૮ દર્દીઓએ હોમ આઈસોલેસનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અંગે કડક તાકીદ કરી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૫૧ મહિલા દર્દીઓ છે. ૧૬ વિદ્યાર્થી, ૯ ખેડૂત પણ સંક્રમિતોની યાદીમાં છે. ૧૩ સરકારી કર્મચારી, ૧ રાજકીય અગ્રણી, એક બેંક કર્મચારી પણ સંક્રમિતોની યાદીમાં છે.

જિલ્લામાં મહિલા દર્દીઓ, બાળદર્દીઓ વિદ્યાર્થી તેમજ વયસ્કો અને સરકારી કર્મચારીઓ સંક્રમિત થઈ રહ્યાને લઈ તંત્રની ચિંતા વધી જવા પામી છે.

આજે નોંધાયેલા કેસોમાં ૧૭ દર્દી ૧૧ થી ૨૦ વર્ષના છે તો ૨૫ દર્દી ૬૦ કે તેથી વધુ વયના છે.

● અનુસંધાન પાન-૭ પર


**જોઈએ છે**

સ્વૈચ્છિક સંસ્થામાં સિનિયર એકાઉન્ટન્ટની જરૂર છે.

અભ્યાસ - M.Com અને Tellyના જાણકાર અને અનુભવી બહેન / ભાઈ નીચે જણાવેલ Email પર પોતાનો બાયોડેટા મોકલવો.

disha.ahmedabad@gmail.com

**ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ ટચૂકડી જાહેર ખબર**

દર રવિવારે ગાંધીનગર સમાચાર

ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ**®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.

મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :

સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com